ॐ

૫૦ મી વર્ષગાંઠે...........

જો પચાસ પૂરા હવે  હું કરી ગયો છું,
પાર અડધાથી વધુ  હું કરી ગયો છું.

વિશેષ કયાં બીજું કંઈ કરી  શક્યો છું?
બસ સમયની જેમ હું સરી ગયો છું.

પ્રસરી પાણીની જેમ, ઓસરી ગયો છું,
ઉકળ્યો છું ને પછી પાછો ઠરી ગયો છું.

આંખની કીકી બનીને કોઈની પાંપણે,
આવતી ભીનાશને ઓછી કરી ગયો છું.

કોઈની ચિંતા નાખી ખભે ને ફેરવી,
હાસ્ય થઈ હોઠ પર એના ફરી ગયો છું.

આકરું લાગે એવું મેં ભલે કહ્યું નથી,
એ ખરું કે આયનો ચોખ્ખો ધરી ગયો છું.

'તું' કહેનારા રાહબર ઓછા મળે છે,
એટલો પ્રવાસ હું જોને કરી ગયો છું.

મારામાં રહીને એ, હસ્યા કરે ભલે,
હું પ્રભુના નામની માળા કરી ગયો છું.

ડાહ્યાઓની વાત માનીને ડહાપણની,
ડેલીએ દઈ હાથ પાછો ફરી ગયો છું.

કોણે કહ્યું કે હું અડધો મરી ગયો છું?
શેર આ ગઝલમાં જીવતાં ભરી ગયો છું.

- ડૉ. મુકેશ જોષી
ધૂળેટી, વિક્રમ સંવત ૨૦૭૦